અપીલ અરજી નં. ૫૨૨ તા.૩૧–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અજય એ. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળશ્રી અજય એ. જાંગીડની તા. ૧૦–૧૦–૧૧ ની અરજીથી (૧)ખાતા અને ઝોન વાઈઝ ઓફિસરોના હોદ્દા અને મોબાઈલ નંબરની યાદી આપવા બાબત.(૨) ઓફિસરોના પગાર ધોરણ (૩) બધી ઝોન ઓફિસરોના એડ્રેસ (૪)એસએમસીમાં ચાર્જશીટ અને સસ્પેન્ડ કરેલ અધિકારીઓની વિગતની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૧–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૨૨ /૨૦૧૧–૧૨

શ્રી અજય એ. જાંગીડની તા. ૧૦–૧૦–૧૧ ની અરજીથી (૧)ખાતા અને ઝોન વાઈઝ ઓફિસરોના હોદ્દા અને મોબાઈલ નંબરની યાદી આપવા બાબત.(૨) ઓફિસરોના પગાર ધોરણ (૩) બધી ઝોન ઓફિસરોના એડ્રેસ (૪) એસએમસીમાં ચાર્જશીટ અને સસ્પેન્ડ કરેલ અધિકારીઓની વિગતની માહિતી આપવા બાબતે અઠવાઝોનમાં ફી ભરવા છતાં સમય અવધિમાં માહિતી મળેલ નથી તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૧–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા દફતરી માહિતી નકલ સહ રજૂ કરવા તેમજ ફી ભરપાઈ કર્યા બાદ આપેલ–નહીં આપેલ નકલોની સ્પષ્ટતા કરવા તથા અઠવાઝોનને રસીદ નં.૪૭૩૭૯૬ તથા ૯૭ થી અનુક્રમે રૂા.૨ અન. ૬૮/– ભરપાઈ કરવા છતાં માહિતી મળીનથી તે અંગે સ્પષ્ટતા કરતો પત્ર સહિત પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૩૯ તા.૧૧–૧–૧૨,** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) , ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ,સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગતો,મળેલ પ્રત્યુત્તર જણાવેલ ન હોઈ તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ.

જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૧૧૮૫ તા.૨૪–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૨૪ તા.૧૨–૧૦–૧૧ થી તમામઝોન તથા મધ્યસ્થ મહેકમ અને ખાતાકીય તપાસ અધિકારી ને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને માહિતી અંગે નાણા ભરવા પાઠવેલ પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૮૫૦ તા.૧૯–૧૦–૧૧ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેપત્ર નં. સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૧૧૬૬ તા.૧૯–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી

વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૬૯ તા.૩૦–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અઠવાઝોન તરફથી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૬૯ તા.૯–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૨૭ તા.૬–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૦૩૫ તા.૧૨–૧–૧૨ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ તથા ઝોનના અધિકારોઓના વિગતનું લીસ્ટ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૧૦ તા.ર–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં પત્રક સહિત આપેલ માહિતી અંગેનો પત્રની નકલ મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૧૧૬ તા.૨૧–૧૦–૧૧ થી માહિતી અંગેનું પત્રક પુરું પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/એસ્ટા/આ.નં.૧૪૮૧ તા.૨૪–૧૦–૧૧ થી માહિતીના પાના નંગ–૪ અંગે રૂા.૮/– ભરપાઈ કરી મેળવી લેવા જણાવવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૨ ૪ તા.૨૦–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતીના પાના નંગ–૩૪ રૂા.૨/– લેએ ૬૮/– ભરી જવા પાઠવવામાં આવેલ પત્રની નકલ તથા અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/૨૮૪૨ તા.૨૫–૧૧–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. તા.૧–૨–૧૨ થી રાજય માહિતી આયોગમાં કરેલ બીજી ફરીયાદ/નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૭–૨–૧૦ નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૦–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષય નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૨૪ તા.૧૨–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં તમામઝોનના જાહેર માહિતી અધિકારી તેમજ જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી અને જાહેર માહિતી અધિકારી મધયસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે કતારગામ,ઉધના,સેન્ટ્રલઝોન અને પર્સોનલ ઓફિસર તરફથી માહિતી મળી છે તેવું અપીલમાં જણાવેલ છે જયારે તે સિવાયના જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી નહીં મળ્યાનું જણાવી અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે અઠવાઝોનમાં રૂા.૨/– રસીદ નં.૪૭૩૭૯૬ તથા રસીદ નં.૪૭૩૭૯૭ થી નાણા ભરપાઈ કરેલ છતાં માહિતી મળેલ નથી તેવી રજૂઆત કરેલ.

જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/ ૭૦૧ તા.૨૦–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીના (૧)ખાતા અને ઝોન વાઈઝ ઓફિસરોના હોદ્દા અને મોબાઈલ નંબરની યાદી આપવા બાબત.(૨) ઓફિસરોના પગાર ધોરણ (૩) બધી ઝોન ઓફિસરોના એડ્રેસ . તેવા મુદ્દા નં.૧ થી ૩ બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનની માહિતી તમો સુરત મહાનગરપાલિકાની WWW.suratmunicipal.gov.in ઉપર RTI ના શીર્ષક હેઠળ Proactive Disclosure માં Sr. No.9 West Zone Staff Details થી પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય મેળવી શકશો તથા જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૦૩૫ તા.૧૨–૧–૧૨ થી નિયત સમય અવધિ બાદ વિલંબથી અરજદારને સા.ઈ.ઝોનના અધિકારીઓના વિગતનું પત્રક પુરું પાડેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૫૦ તા.૧૯–૧૦–૧૧ થી માંગવામાં આવેલ આંશિક માહિતી અન્વયે સા.વે.ઝોન અઠવા વિસ્તારની મહેકમ વિભાગની માંગ્યા મુજબની માહિતી પાના નંગ–૧ રૂા.૨/– અઠવાઝોનમાં કચેરીના સમય દરમ્યાન ભરપાઈ કરી મેળવી શકશે. તેવું જણાવવામાં આવેલ.જે અંગે અરજદારે રસીદ નં.૪૭૩૭૯૬ તા.૯–૧૧–૧૧ થી ભરપાઈ કરેલ જેથી અરજદારને પત્ર નં.સા.વે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૧૬૬ તા.૧૯–૧–૧૨ થી વિલંબથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ ઝોનના ભરણા કલાર્ક ધ્વારા શરત ચૂકથી અરજદાર ધ્વારા ભરવામાં આવેલ ફી અંગે આરટીઆઈ વિભાગમાં કરવાની રહી ગયેલ હોય જે બાબતે સબંધિત કલાર્કને મૌખિક સુચના આપી ભવિષ્યમાં આવી શરતચૂક ન થાય તેની તકેદારી રાખવા જણાવેલ છે. પરંતુ અરજદારે અપીલમાં જણાવેલ અઠવાઝોનમાં રૂા.૬૮/– રસીદ નં.૪૭૩૭૯૭ થી ભરપાઈ કરવા છતાં માહિતી મળેલ નથી. પરંતુ અરજદારે સદર નાણા ભરપાઈ કરવા માટે પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૨૪ તા.૨૦–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને નાણા ભરવા પત્ર પાઠવવામાં આવેલ છે અને અરજદારે રસીદ નં.૪૭૩૭૯૭ થી રૂા.૬૮/– ભરપાઈ કરેલ જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/૨૮૪૨ તા.૨૫–૧૧–૧૧ થી અરજદારને મનપાના મહેકમ વિભાગના શીડયુલ પર ફરજ બજાવતા અધિકારીઓના નામ, હોદ્દા અને મોબાઈલ નંબર દર્શાવતું પત્રક તથા અધિકારીઓના પગાર ધોરણનું પત્રક તથા ચાર્જશીટ આપવામાં આવેલ હોય અને સસ્પેન્ડ કરવામાં આવેલ હોય તેવું વિગત દર્શાવતુ પત્રક પુરં પાડવામાં આવેલ છે. તેવું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/૫૬૯ તા.૦૯–૧૧–૧૧ થી નિયત સમય અવધિ બાદ પૂર્વઝોન વરાછાના ખાતાવાઈઝ અધિકારીઓના નામ, હોદ્દા, મોબાઈલ નંબર, પગાર ધોરણ તથા સરનામાના પત્રકો પૂરા પાડવામાં આવેલ

છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૧૦ તા.૨–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં પત્રક પુરું પાડવામાં આવેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૧૧૬ તા.૨૧–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી અંગેનું પત્રક પુરું પાડવામાં આવેલ છે. જયારે જાહેર માહિતીઅ ધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૧૪૮૧ તા.૨૪–૧૦–૧૧ થી સમય અવધિમાં પાના નંગ–૪ ના કુલ રૂા.૮/– ભરપાઈ કરી ઉધનાઝોન કચેરીએથી મેળવી લેવા જણાવવામાં આવેલ છે.

મુદ્દા નં. (૪) એસએમસીમાં ચાર્જશીટ અને સસ્પેન્ડ કરેલ અધિકારીઓની વિગતની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન ખાતે સને ૨૦૦૮ થી આજ દિન સુધી નીચે જણાવેલ ચાર ઓફિસરને ચાર્જશીટ આપવામાં આવી છે. (૧) શ્રી બી.કે.પરમાર (જુની.ઈજનેર) ૨) શ્રી સી.સી.ભટ્ટ (જુની. ઈજનેર) (૩) શ્રી એચ. એમ. સોની (આસી. ઈજનેર) (૪) શ્રી જે.કે. ચૌધરી (ડે.ઈજનેર) સસ્પેન્ડેડ ઓફિસર્સની માહિતી મુખ્ય કચેરીએથી મેળવી શકશો. તેવું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૪ અંગે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી હાલમાં પૂર્વઝોન વરાછાના કોઈ અધિકારીને ચાર્જશીટ આપી નથી અને ફરજ મૌકુફી હેઠળ નથી. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી મા. કમિ.શ્રીના હુકમ નં.કેમ્પ/કંટ્રોલ/૧ તા.૧૩–૮–૦૬ ના મુજબ તાપી પુર સમયે ક્ષતિ જણાતા ડો. વી.વી. પરમાર નાયબ આરોગ્ય અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવેલ. તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી આપવામાં આવેલ પત્રક બાબતેની કોઈ વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. આ સિવાયના અરજદારે અપીલમાં જણાવેલ ઝોનોની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. ખાતાકીય તપાસ અધિકારી તરફથી અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/ ૪૦૦ તા.૨૪–૧૦–૧૧ થી તથા ૪૨૫ તા.૧૬–૧૨–૧૧ થી જણાવવામાં આવેલ પત્રો બાબતે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી તેથી માહિતી મેળવવામાં રસ ન હોવાથી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૨૭ તા.૬–૧–૧૨ થી ખાતાને લાગત અરજી દફતરે કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી તા.૨–૧૧–૧૧ ના પત્રથી સને ૨૦૧૧–૧૨ માં સેન્ટ્રલઝોન ખાતે કોઈ ઓફિસરને ચાર્જશીટ અથવા સસ્પેન્ડ કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે.

વધુમાં અરજદારને અપીલ તબકકે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૩૯ તા.૧૧–૧–૧૨ થી મળેલ પ્રત્યુત્તર જણાવેલ ન હોઈ તેમજ અપીલ દરમ્યાન જો માહિતી મળી હોય તો પક્ષ રજૂ કરવા જણાવેલ પરંતુ તે રજૂ કરેલ નથી. વધુમાં અઠવાઝોનના ચાર્જ ફી બાબતે પણ વિગતો માંગવા છતાં રજૂ કરેલ નથી પરંતુ જાહેર માહિતી અીધકારીએ આપેલ વિગતો ઉપરથી અરજદારને જણાવેલ રસીદ નંબર જાહેર માહિતી અધિકારી મધયસ્થ મહેકમ વિભાગમાંથી ફી ભરવા પત્ર પાઠવવામાં આવેલ અને અરજદારને રસીદ નં.૪૭૩૭૯૭ થી ભરપાઈ કરેલ છે જે મધ્યસ્થ મહેકમની છે અને મધ્યસ્થ મહેકમ તરફથી અરજદારને પત્ર નં.જીએડી/ઈઅસટી/૨૮૪૨ તા.૨૫–૧૧–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અને સદર પત્ર સંદર્ભે પૂરક વિગતોમાં અરજદારે સુનાવણી વખતે પુરાવા રજૂ કરવાનુ જણાવેલ. જેના સંદર્ભે અત્રેથી આરટીઆઈ સેલ/૧૭૩૩ તા.૧૩–૨–૧૨ થી અરજદારને તે અંગે પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ કે બંને પક્ષોની રજૂ થયેલ વિગતો ધ્યાને લીધા બાદ આવશ્યક જણાય તો સુનાવણી રાખવાનું અપીલ અધિકારીની વિવેકાધીન સત્તા મર્યાદામાં છે તેથી સદર પત્ર બાબતે પુનઃ આધારસહ પક્ષ રજૂ કરવા જણાવેલ. પરંતુ અરજદાર તરફથી ત્યાર બાદ પણ કોઈ પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૩૧–૧૨–૧૧ ધ્યાને લેતાં ૩૦–૧–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૪–૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

અરજદારે પ્રસ્તુત અપીલમાં પ્રત્યક્ષ સુનાવણીનો આગ્રહ રાખેલ છે પરંતુ પ્રથમ અપીલ કક્ષાએ દિવાની કાર્યરીતી અધિનિયમ–૧૯૦૮ હેઠળની આરટીઆઈ બાબતે સત્તાઓ પ્રદાન થયેલ ન હોય તેમ કરવું આદેશાત્મક નથી. અત્રે એ પણ પ્રસ્તુત છે કે અરજદારને તેમનો પક્ષ રજૂ કરવા વાજબી અને પૂરતી તક આપવામાં આવેલ છે. એ પણ ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત હુકમ અરજદારની તરફે જાય છે. આમ વૈકલ્પિક હકારાત્મક દૃષ્ટિકોણથી કાયદાની હાર્દ અને ભાવના જાળવી રાખવા સાથે પ્રથમ અપીલનો હુકમ થતો હોય તો પ્રત્યક્ષ સુનાવણીનો આગ્રહ અરજદાર પક્ષે રાખવો વ્યવહારુ, ઉચિત અને જાહેર હિતલક્ષી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૦–૧૦–૧૧ ની અરજી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૪ ની અઠવાઝોન તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) , ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ,સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), ખાતાકીય તપાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી વિભાગ).....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી અજય એ. જાંગીડ,